જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૧૨/૨૦૧૭ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૬૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૫૦ કેસ કરી, ૪૭ વ્યક્તિઓને ઝડપી, ૩૫૦ લીટર દેશી દારૂ, ૧૨૬ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૧ એક્ટીવા કબજે કર્યુ હતુ તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૪૬૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડી અને વિશ્વાસઘાત :- સમાચાર યાદી નં.૨૪૭૦/૧૭

**સોલા હાઇકોર્ટ :** ખુશાલભાઇ પુંજાજી સોલંકી(ઉ.વ.૪૨)(રહે,ચીત્રકુટ સોસાયટી, નોબલ સ્કુલ પાસે, કૃષ્ણનગર નરોડા) એ તા.૦૮/૧૨/૧૭ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ગઈ તા.૦૪/૦૨/૧૬ થી તા.૧૭/૩/૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન સોલા ગુજરાત હાઇકોર્ટ સામે આવેલ એ.વી.એમ.બોડી ગેરેજ ખાતે આરોપી (૧) દક્ષ જીતેંદ્રભાઇ પરમાર(રહે,સુવાસ એપાર્ટમેન્ટ, એવન્યુ ટ્વીન બંગ્લોઝ ની અંદર ગુલાબ ટાવર પાસે, થલતેજ, સોલા) તથા (૨) તેનો મીત્ર (જેનુ નામ-સરનામુ ખબર નથી તે) ભેગામળી ખુશાલભાઇને નામદાર ગુજરાત હાઇકોર્ટ માં પટ્ટાવાળા તથા કલાર્ક ની નોકરી અપાવવાનુ કહી વિશ્વાસમાં લઇ તેમની પાસે થી કુલ રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- લઈ, ખુશાલભાઇને નોકરી નહી અપાવી તેમજ પૈસા પરત નહી આપી, ખુશાલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી બી.એચ.કુબાવત ચલાવે છે.

**આનંદનગર :** આશિષભાઈ રમાશંકર શર્મા (ઉ.વ.૪૭)(રહે,શુભવિલા બંગ્લોઝ બિનોરી બંગ્લોઝની પાસે ધુમા તા-દસક્રોઇ જી-અમદાવાદ શહેર) એ તા.૦૮/૧૨/૧૭ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ગઈ તા.૧૩/૦૫/૨૦૧૩ થી તા.૨૦/૦૨/૨૦૧૬ સુધીનાં સમયગાળા દરમ્યાન આનંદનગર શપથ-૪ S.G.હાઈવે ખાતેની સ્ટેટ બેંક ઓફ મહારાષ્ટ્રની બ્રાંચ માં આરોપી (૧) લક્ષ્મીનારાયણ ઉર્ફે લાલજીભાઈ પમનાની (૨) વિજય લક્ષ્મીનારાયણ પમનાની (બંને રહે,ગોયેલ પેલેસ ગ્રાંડ ભગવતી હોટલ પાસે વસ્ત્રાપુર) (૩) મી.ગોપાલ (સ્ટેટ બેંક ઓફ મહારાસ્ટ્ર S.G.હાઈવે શાખાના મેનેજર) ભેગામળી લોન અપાવવાના બહાને આશિષભાઇને વિશ્વાસમાં લઇ, કોરા ચેક ઉપર સહીઓ લેવડાવીને જુદા-જુદા સમયે જુદી-જુદી રકમના ચેક બનાવી કુલ રૂપિયા ૪૦,૦૦,૦૦૦/- આશિષભાઇના ખાતામાંથી ઉપાડી લઈ, આશિષભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.જાદવ ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૭૧/૧૭**

**ઘાટલોડીયા :** મેહુલભાઇ મહેંદ્રભાઇ પટેલ (રહે,જય અવિનાશ સોસાયટી રો-હાઉસ, શાંતિમણી સોસાયટીની બાજુમાં, કે.કે.નગર રોડ ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૧૨/૧૭ રાતના ૧૦/૦૦ થી તા.૦૮/૧૨/૧૭ ના કલાક ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના મકાનનાં મુખ્ય દરવાજાનું નકુચા સાથે લોક તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપીયા ૩,૮૭,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પોઇ.શ્રી જી.એસ.પટેલ ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૪૭૨/૧૭**

**સરદારનગર :** રોહિતભાઇ કેદારનાથ મિશ્રા (રહે,ભદ્રેસ્વર હાઉસિંગ બોર્ડ સોસાયટી, નોબલનગર સરદારનગર) એ તા.૦૮/૧૨/૧૭ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૧/૧૭ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરની સામે ગલીમાં પોતાની સી.એન.જી. ઓટો રિક્ષા નંબર જીજે.૦૧.ટી.ડી.૧૪૩૧ કિંમત રૂપિયા ૧,૫૫,૦૦૦/- પાર્ક કરી મુકી હતી જેની ચોરી તા.૨૧/૧૧/૧૭ ના કલાક ૮/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ ગુનાની તપાસ પોસ.ઇ.શ્રી નોબલનગર ચોકી નાઓ ચલાવે છે.

**બેદરકારી દાખવતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૪૭૩/૧૭**

**ગાયકવાડ હવેલી :** તેજપાલ દેવીલાલ નિનામા (ઉ.વ.૧૯)(ધંધો-મજુરી કામ)(રહે,વિઠ્ઠલ નગરનો ટેકરો રેવાભાઇ રબારીની ચાલી જશોદાનગર) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૧૨/૧૭ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ગોળલીમડા થી અંદર નાડીયાવાડ રોડ, મારૂવાસની સામે આવેલ અમન કોર્પોરેશન નામની દુકાન પાસે આરોપી મોહંમદ રફીકભાઇ (જેના પુરા નામની ખબર નથી)(રહે,મારૂ વાસના નાકે નાડીયાવાડ જમાલપુર) નાએ મજુરો માટે કોઇપણ જાતનું સલામતી કવચ રાખ્યા વગર બેદરકારીથી પોતાની મરજી મુજબનું મજુરીકામ કરાવતા, જેમા માટીની ભેખડ ધસી પડતા તેજપાલના ગામનો રહેવાસી ગૌતમભાઇ રામાપુંજા હરમોર(ઉ.વ.૨૨) (રહે. પાડા પોળ, ગાંધી રોડ, કાલુપુર)નાનો ઉંડા ખાડામાં દટાઇ જતા, ગૌતમભાઇનું મૃત્યુ નિપજ્યુ હતુ.આ ગુનાની તપાસ પોઇ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૪૭૪/૧૭**

**કૃષ્ણનગર :** રજનીકાન્તભાઇ કાંતિભાઇ પટેલ (ઉ.વ.૫૩)(રહે,લક્ષ્મીનારાયણ સોસાયટી, હીરાવાડી કૃષ્ણનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૮/૧૨/૧૭ રાતનાં ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ધાબા ઉપર કેડા સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઈઆત્મહત્યા કરી લીધી છે. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.વહોનીયા ચલાવે છે.

**રામોલ :** હીનલ ડો/ઓ દિનેશભાઇ પંચાલ (ઉ.વ.૨૧)(રહે,વસ્ત્રાલ માધવા-૪ કરણાવતી ચોકડી પાસે વસ્ત્રાલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૮/૧૨/૧૭ સાંજનાં ૭/૨૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘર ના બીજા માળે બેડરૂમ ના પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી છે. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એમ.વાઘેલા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.